# સમગ્ર શિક્ષા અભિયાનના અમલીકરણનો એક તુલનાત્મક અભ્યાસ :

# ગુજરાત રાજ્યના સુરત અને નર્મદા જિલ્લાનાં સંદર્ભમાં

**Ms. Smita A. Naik**
**Research scholar,**
**Department of Economics ,**
**Veer Narmad south Gujarat University Surat**
**Email: naiksmita1407@gmail.com ,**
**ORCID- 0009-0001-8984-7552**

**Dr.Yogesh N. Vansiya**
**Assistant Professor,**
**Department of Economics,**
**Veer Narmad South Gujarat University, Surat**
**Email: ynvansiya@vnsgu.ac.in**
**ORCID-0000-0002-4662-6215**

**Abstract:**

પ્રસ્તુત સંસોધનમાં ભારતમાં પ્રારંભિક શિક્ષણને ફરજીયાત અને બધા માટે મફત ઉપલબ્ધ કરવા માટે 2018માં અમલમાં મૂકવમાં આવેલી મહત્વની યોજના સમગ્ર શિક્ષા અભિયાનના અમલની સુરત અને નર્મદા જીલ્લામાં થયેલી અસરનું તુલનાત્મક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. સમગ્ર શિક્ષા અભિયાનના અમલ બાદ સુરત અને નર્મદા જીલ્લાઓની શાળાઓનાં વિતરણ, શાળાઓના પ્રકાર અને તેના સંચાલનમાં થયેલા તેમજ શાળાઓના ભૌતિક માળખાં અને **સ્વચ્છતા સંબંધિત સુવિધાઓમાં** થયેલા ફેરફારોનું મુલ્યાંકન  કરવાના હેતુથી પ્રસ્તુત સંસોધન અભ્યાસ હાથ ધરાવમાં આવ્યો છે. આ સંસોધન ગૌણ માહિતી આધારિત એક વિશ્લેષણાત્મક અભ્યાસ છે, સંસોધનાં હેતુઓ સિદ્ધ કરવા માટે ભારત સરકાર દ્વારા શાળાની માહિતી એકત્રિત અને વિશ્લેષણ કરવા માટે વિકસાવામાં આવેલી ઓનલાઈન પ્રણાલી યુડીએસઈ પ્લસ(Unified District Information System for Education+) નાં વર્ષ 2018 અને 2025 રિપોર્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પ્રાપ્ત ગૌણ માહિતીને કોષ્ટક, આલેખ અને સરેરાશના આધારે  વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સંસોધનના મુખ્ય તારણ પ્રાપ્ત થાય છે કે 2018ની સરખામણીમાં 2025માં સુરત જીલ્લામાં શાળાઓનું પ્રમાણ વધ્યું છે, જયારે નર્મદા જીલ્લામાં 2018 ની સરખામણીમાં શાળાઓના પ્રમાણમાં ઘટાડો થયો છે. ભૌતિક માળખામાંનાં સંદર્ભમાં સુરત જીલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાનના અમલ બાદ સુધારા થયો છે, જયારે નર્મદાના સંદર્ભમાં અપેક્ષિત સુધારા પ્રાપ્ત કરી શક્યા નથી. **સ્વચ્છતા સંબંધિત સુવિધાઓમાં સુરત અને નર્મદા બંને જીલ્લાની પરીસ્થિતમાં સુધારો થયો છે. જે** સમગ્ર શિક્ષા અભિયાનની હકરાત્મક અસરને દર્શાવે છે. આ સંશોધન પેપરમાં નર્મદા જીલ્લામાં ભૌતિક માળખાંમાં સુધારા માટે નીતિ વિષયક સૂચનો કરવામાં આવ્યા છે.

## 1.પ્રસ્તાવના

દેશની વિકાસ યાત્રામાં માનવમૂડી એક અગત્યની ભૂમિકા ભજવે છે. અને માનવમૂડીનાં વિકાસનો આધાર એ સારા શિક્ષણ અને સારા આરોગ્ય પર રહેલો છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ એ સારા વ્યક્તિ અને સારા સમાજ માટે આધારરૂપ છે. કારણ કે સારા વ્યક્તિથી જ સારા સમાજનું નિર્માણ શક્ય બને છે. જીવનની ગુણવત્તા એ  શિક્ષણની ગુણવતા  પર આધાર રાખે છે. દેશના આર્થિક વિકાસ માટે ચાવીરૂપ આ શિક્ષણ પ્રણાલીમાં પ્રાથમિક શિક્ષણ  પિરામિડ સમાન છે. ભારત જેવા વિકાશીલ દેશમાં આ પિરામિડને મજૂબત બનાવવુ  ખુબ આવશ્યક બને છે, આ હેતુ ભારત સરકાર દ્વારા  શિક્ષણ પ્રણાલીને મજબુત બનાવવા માટે અનેક સરકારી કાર્યક્રમો અને સરકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસના ધ્યેય મુજબ સમગ્ર દેશમાં  4 થી 18 વર્ષના વય જૂથના તમામ બાળકોને પ્રારંભિકથી ઉચ્ચતર માધ્યમિક સુધીના તમામ સ્તરે અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા 2018 માં સમગ્ર શિક્ષા અભિયાન

અમલમાં મૂકવામાં આવ્યો હતો. સમગ્ર શિક્ષા અભિયાનમાં પ્રાથમિક શિક્ષણ માટેની સર્વ શિક્ષા અભિયાન, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટેની રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અને શિક્ષકોમાં સમિતિ નિર્માણ માટેની ટીચર એજ્યુકેશન એમ ત્રણ યોજનાઓને સમાવિષ્ટ કરીને સમગ્ર શિક્ષા અભિયાન યોજના અમલમાં મૂકવમાં આવી છે.

સમગ્ર શિક્ષા અભિયાન યોજના મુખ્ય ઉદ્દેશ્યો છે:

(i) ગુણવત્તાયુક્ત શિક્ષણની જોગવાઈ અને વિદ્યાર્થીઓના શિક્ષણ પરિણામોમાં વધારો,

(ii) શાળા શિક્ષણમાં સામાજિક અને લિંગ તફાવતોને દૂર કરવા,

(iii) શાળા શિક્ષણના તમામ સ્તરે સમાનતા અને સમાવેશની ખાતરી કરવી,

(iv) શાળાકીય જોગવાઈઓમાં લઘુત્તમ ધોરણો સુનિશ્ચિત કરવા,

(v) શિક્ષણના વ્યાવસાયિકકરણને પ્રોત્સાહન આપવું,

(vi)બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ (RTE) અધિનિયમ, 2009 ના અમલીકરણમાં રાજ્યોને ટેકો આપવો,

(vii) શૈક્ષણિક સંશોધન અને તાલીમ માટે રાજ્ય પરિષદો (SCERTs)/રાજ્ય શિક્ષણ સંસ્થાઓ અને જિલ્લા,

(viii) શિક્ષક પ્રશિક્ષણ માટે નોડલ એજન્સી તરીકે શિક્ષણ અને તાલીમ સંસ્થાઓ (DIET).

આમ, સમગ્ર શિક્ષણ અભિયાન એ ભારતમાં શિક્ષણ ક્ષેત્રે ખુબ જ મહત્વની યોજના છે. તેથી આ યોજનાના અમલ બાદ ગુજરાતમાં સુરત અને નર્મદા જીલ્લામાં થયેલી અસરનું મુલ્યાંકન કરવા માટે પ્રસ્તુત વિષય પસંદ કરવમાં આવ્યા છે.

## 2.સાહિત્ય સમિક્ષા

સમગ્ર શિક્ષણ અભિયાન અસરનાં મુલ્યાંકન માટે રાજ્ય અને જીલ્લા સ્તરે અનેક હેતુઓ સાથે અભ્યાસ હાથ ધરવામાં આવ્યા છે. સમગ્ર શિક્ષા અભિયાન કાર્યક્રમ: એક સંકલિત યોજના શીર્ષક હેઠળ સંસોધન હાથ ધરવામાં આવ્યા છે. સંશોધક અભ્યાસનું મહત્વ સમજાવતા જણાવે છે કે, સમગ્ર શિક્ષા અભિયાન અમલ બાદ સાક્ષરતા દર અને શૈક્ષણિક પ્રવેશમાં લિંગ તફાવતમાં સુધારો થયો છે તેમ છતાં શૈક્ષણિક ગુણવત્તામાં ખામી, શાળા છોડ્યા દરનો પ્રમાણ વધુ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ જેવા પ્રશ્નો હજુ પણ રહેલા છે. સંશોધકે સમગ્ર શિક્ષા અભિયાન સમાન, સમાવેશી, અને સર્વાંગી શિક્ષણ વ્યવસ્થા ઉભી કરવામાં કેટલી સફળ રહી છે, તેમજ ટકાઉ વિકાસના ધ્યેય ચાર તથા નવી શિક્ષણ નીતિ સાથે સમગ્ર શિક્ષા અભિયાન કેટલું સુસંગત છે તે સંશોધન પ્રશ્ન સાથે અભ્યાસ હાથ ધર્યો, આ અભ્યાસના મુખ્ય હેતુઓ શાળા પ્રવેશ નોધણી દર, સાક્ષરતાની સ્થિત અને અંકજ્ઞાન જેવા શૈક્ષણિક માપદંડ તેમજ પીવાનું પાણી, શૌચાલયની સુવિધા પુસ્તકાલય, કોમ્પ્યુટર અને મધ્યાહન ભોજન જેવી યોજના માળખાકીય સુવિધા પર સમગ્ર શિક્ષા

અભિયાનની અસરનું મૂલ્યાંકનના હેતુઓ સાથે અભ્યાસ હાથ ધર્યો. ગૌણ માહિતીમાં ૧૭ વિવિધ દસ્તાવેજોના વિશ્લેષણ કરીને સંશોધક દ્વારા હેતુઓને સિદ્ધ કરીને  તારણ પ્રાપ્ત કરે છે કે શૈક્ષણિક માપદંડ જેવા કે  શાળા પ્રવેશ નોધણી દર, સાક્ષરતાની સ્થિત અને અંકજ્ઞાનમાં સુધારો થયો છે, તેની સાથે માળખાકીય સુવિધા જેવી કે પીવાનું પાણી, શૌચાલયની સુવિધા, પુસ્તકાલય, કોમ્પ્યુટર અને મધ્યાહન ભોજન યોજના પર પણ સમગ્ર શિક્ષા અભિયાનની હકારાત્મક અસર  થઇ છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષકોની અછત, ડિજિટલ સુવિધાઓની અસમાનતા, સામાજિક સામુદાયિક ભાગીદારીમાં તફાવત તેમજ જિલ્લા સ્તરે યોજનાના અમલની અસમાનતા વગેરે ખામીઓ જોવા મળે છે. કન્યા શિક્ષણ માટે લક્ષિત કાર્યક્રમો, ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ અસામનતા દુર કરવા અને જિલ્લા સ્તરે અમલીકરણ માટે વિશિષ્ટ વ્યુરચના બનાવવામાં માટેના સૂચનો કરવામાં આવ્યા છે.

પ્રાથમિક શિક્ષણમાં સમગ્ર શિક્ષા અભિયાનની ભૂમિકા (Mehta, 2024) દ્વારા આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણને સમાન સમાવેશી અને ગુણવત્તાયુક્ત સુનિશ્ચિત કરવા માટે સમગ્ર શિક્ષા અભિયાનની ઉપયોગીતા પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસનું મુખ્ય સંશોધન પ્રશ્નો સમગ્ર શિક્ષા અભિયાન ઝારખંડમાં પ્રાથમિક શિક્ષણના વિકાસમાં કેટલું સફળ રહ્યું છે તે તપાસવાનો છે. સંશોધનના મુખ્ય હેતુઓ ઝારખંડમાં સાક્ષરતા દર, શાળા પ્રવેશ દર, શાળા છોડ્યાનો દર અને શાળાઓની સંખ્યા, શિક્ષકોની સંખ્યા તથા શાળાની માળખાકીય સુવિધા પર સમગ્ર શિક્ષા અભિયાનની અસરનું મૂલ્યાંકન કરવાનો છે.

પ્રસ્તુત સંશોધનના હેતુઓ તપાસવા માટે મુખ્યત્વે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતીનું એકત્રીકરણ ભારત સરકારની માહિતી એકત્રીકરણ પ્રણાલી યુડીઆઈએસઈ પ્લસ(UDISE+) વર્ષ ૨૦૨૦-૨૧ અહેવાલ  તથા ઝારખંડ આર્થિક સર્વેક્ષણ ૨૦૨૨-૨૩ તથા અન્ય સરકારી અહેવાલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં ઉપલબ્ધ માહિતીને સ્તંભ આલેખ, લાઈન આલેખ વગેરેનો ઉપયોગ કરીને માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સંસોધનમાં માહિતીના વિશ્લેષણના આધારે સંશોધક સૂચવે છે કે ઝારખંડમાં શાળાનાં  પ્રવેશ દર, પ્રમોશન રેટ, ટ્રાન્ઝિસ્ન રેટ પર સમગ્ર શિક્ષા અભિયાનની સકારાત્મક અસર થઈ છે, ખાસ કરીને પ્રાથમિક શિક્ષણથી ઉપરના સ્તર પર જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં સંખ્યા વધી છે, અને શાળા છોડ્યાનો દર ઘટ્યો છે. માળખાકીય સુવિધાના સંદર્ભમાં માહિતીનું વિશ્લેષણ કરતા સંશોધકને તારણ પ્રાપ્ત થાય છે કે પીવાનું પાણી, શૌચાલય, પુસ્તકાલય અને વીજળી જેવી સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે. માહિતી વિશ્લેષણના આધારે સંશોધક અભ્યાસક્ષેત્રમાં રહેલા પડકારોના સંદર્ભમાં જણાવે છે કે સાક્ષરતા દરમાં હજુ પણ લિંગ તફાવત તેમજ શહેરી અને ગ્રામ્ય સાક્ષરતા દરમાં પણ તફાવત જોવા મળે છે, એની સાથે શાળાઓની સંખ્યા અને શિક્ષકોની સંખ્યા પણ ઓછી છે જે શાળાઓનું વિલીનીકરણ અને કોરોના જેવી મહામારીના પ્રભાવના લીધે હોઈ શકે.

વિદ્યાર્થીઓ શિક્ષક અનુપતમાં પણ તફાવત ખૂબ ઊંચો છે, જે શિક્ષણની ગુણવત્તા માટે પડકારરૂપ છે. માળખાકીય સુવિધાઓમાં સમગ્ર શિક્ષાના અમલ બાદ સુધારો થયો છે તેમ છતાં રમતનું મેદાન, બાઉન્ડ્રીની દીવાલની અછત તેમજ દિવ્યાંગ માટેની માળખાકીય  સુવિધાઓ હજી પણ અપુરતી છે. અભ્યાસના આધારે ઝારખંડમાં પ્રાથમિક શિક્ષણના વિતરણ અને શાળાના માળખાકીય વિકાસ માટે સમગ્ર શિક્ષા અભિયાન મહત્વપૂર્ણ સાબિત થઈ છે, પરંતુ તેમ છતાં શિક્ષકોની સંખ્યા, લિંગ તફાવત, પ્રાદેશિક તફાવત જેવા પ્રશ્નો હજી પણ  ઉપસ્થિત રહ્યા છે. અભ્યાસના આધારે સંશોધક સૂચન કરે છે કે શિક્ષકોની ભરતી વધારવી જોઈ, ગ્રામ્ય વિસ્તારમાં શાળાઓની સુવિધાઓ વધારવી  તેમજ કન્યા શિક્ષણ પર વધારે ભાર મુકવામાં વગેરે સૂચનો દર્શાવવામાં આવ્યા છે

રાજસ્થાન ડુંગરપુર જિલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાનના અમલીકરણ અને અસરકારકતાનો અભ્યાસ કરવા માટે (SHARMA & DHAKED, 2023)દ્વારા ડુંગરપુર જિલ્લાના શાળાઓમાં સમગ્ર શિક્ષા અભિયાનના અમલીકરણનું અન્વેષણ: એક વ્યાપક  અભ્યાસ શીર્ષક હેઠળ સંસોધન હાથ ધરવામાં આવ્યો  છે. સંસોધનનો મુખ્ય સંશોધન પ્રશ્ન રાજસ્થાન રાજ્યના ડુંગરપુર જેવા આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લામાં શૈક્ષણિક સુવિધાઓ અને ગુણવત્તા સુધારવા માટે સમગ્ર શિક્ષા અભિયાન કેટલી અસરકારક સાબિત  થઇ છે એ તપાસવાનો રહેલો છે. શાળાકીય માળખાકીય સુવિધાઓમાં સુધારો, વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રદર્શન હાજરી, બાળકોનો  શાળા છોડ્યાનો દર અને સામુદાયની ભાગીદારી પર સમગ્ર શિક્ષા અભિયાનની થયેલી અસરોનું મૂલ્યાંકન કરવું એ અભ્યાસના મુખ્ય હેતુઓ રહેલા છે. પ્રસ્તુત  સંસોધન માટે વર્ણાત્મક અને વિશ્લેષણાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે મુખ્યત્વે ૧૮૦ જેટલા ઉત્તરદાતાઓ જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વહીવટ અધિકારીઓ અને વાલીઓ પાસેથી પ્રશ્નાવલી ભરાવી અને મુલાકાત પદ્ધતિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવેલી છે. માહિતીના વિશ્લેષણ આધારે સંશોધકે તારણો પ્રાપ્ત કર્યું છે કે સમગ્ર શિક્ષા અભિયાનના અમલની ડુંગરપુર જિલ્લાઓની  શાળાઓમાં પીવાનું પાણી, શૌચાલય, વર્ગખંડ નવીનીકીકરણ અને ભૌતિક સુવિધામાં નોંધપાત્ર સુધારો થયો છે, તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ક્ષમતામાં પણ સકારાત્મક સુધારો થયો છે જેમ કે ૬૬% થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૦ ટકા વધારો થયો છે. શાળા છોડ્યાનો દર ૧૦% ઘટ્યો છે. હાજરીમાં પણ ૭% વધારો નોંધાયો છે. તેમ છતાં આ વિસ્તારમાં રમત-ગમતના મેદાનો ખેલકૂદના સાધનો જેવી માળખાકીય સુવિધાઓ હજી મર્યાદિત રહી છે. સૂચનામાં સંશોધક જણાવે છે કે યોજનાને વધુ અસરકારકતા માટે અમલીકરણ પર પૂરતી દેખરેખ જરૂરી છે, તેમજ સામૂહિક ભાગીદારીમાં પણ વધારો કરવામાં આવે તો યોજનાનું વધુ અસરકારક અમલીકરણ શક્ય બનશે.

(Parsaniya, 2025)દ્વારા કરાયેલ અભ્યાસ ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં માળખાકીય સુવિધાઓની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. શિક્ષણને માનવ વિકાસનું મૂળભૂત સાધન

ગણાવીને અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે પૂરતું માળખું જેમ કે વર્ગખંડો, પુસ્તકાલય, પ્રયોગશાળાઓ, સ્વચ્છતા, અને ડિજિટલ સુવિધાઓ અનુકૂળ અભ્યાસ માટે જરૂરી છે. પ્રસ્તુત સંસોધન ગૌણ આંકડા પર આધારિત છે, જેમાં UDISE+ (2021–22), AISHE (2020–21), Gujarat Budget Analysis (2022–23) અને Education in Gujarat Fact File (2023) જેવા સ્ત્રોતોનો ઉપયોગ થયો છે. આંકડાનું વિશ્લેષણ ટકાવારી અને ટકાવારી  પરિવર્તન પદ્ધતિથી કરવામાં આવ્યું છે. પરિણામો દર્શાવે છે કે ગુજરાતમાં કુલ 53,851 શાળાઓ, 1.15 કરોડથી વધુ વિદ્યાર્થીઓ અને આશરે 3,78,118 શિક્ષકો છે, જેમાં વિદ્યાર્થી-શિક્ષક અનુપાત 31 છે. સરેરાશ દરેક શાળામાં 7 શિક્ષકો અને દર વર્ષે 214 નવા વિદ્યાર્થીઓનો પ્રવેશ થાય છે, જે પૂરતો નથી. વીજળી, પીવાના પાણી અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓ 95–99% શાળાઓમાં ઉપલબ્ધ હોવા છતાં, આધુનિક સુવિધાઓ હજુ નબળી છે. ઉદાહરણ તરીકે, તબીબી તપાસ 82.6%, કલા-હસ્તકલા કક્ષાઓ 9.5%, વરસાદી પાણી સંગ્રહ 22.3%, સૌર પેનલ 5.5% અને રસોડાના બગીચા 42.4% શાળાઓમાં જ છે. પ્રસ્તુત સંસોધન તારણ આપે છે કે ગુજરાતે મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, પરંતુ ઈન્ટરનેટ, કમ્પ્યુટર અને નવિનીકૃત ઊર્જા જેવી સુવિધાઓનો અભાવ છે. ભલામણોમાં અનુદાનમાં વધારો, બજેટ પ્રથમિકતાઓનું પુનર્વિભાગ અને ગુણવત્તા આધારિત આધુનિક માળખાકીય વિકાસ પર વધુ ભાર મૂકવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે.

## 4.અભ્યાસના હેતુઓ

1) સમગ્ર શિક્ષા અભિયાનના અમલ બાદ સુરત અને નર્મદા જીલ્લામાં શાળાના વિતરણ અને સંચાલનના પ્રકાર પર થયેલી અસરનું તુલનાત્મક મુલ્યાંકન કરવું
2) સમગ્ર શિક્ષા અભિયાનના અમલ બાદ સુરત અને નર્મદા જીલ્લામાં શાળાનાં ભૌતિક માળખા પ્રકાર પર થયેલી અસરનું તુલનાત્મક મુલ્યાંકન કરવું
3) સમગ્ર શિક્ષા અભિયાનના અમલ બાદ સુરત અને નર્મદા જીલ્લામાં શાળાની **સ્વચ્છતા સંબંધિત** સુવિધાઓ પર થયેલી  અસરનું તુલનાત્મક મુલ્યાંકન કરવું

## 5.માહિતીનું વિશ્લેષણ

### 5.1. સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત સુરત અને નર્મદા જીલ્લામાં શાળાના પ્રમાણમાં થયેલા ફેરફારનું વિશ્લેષણ




Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

ઉપરોક્ત આલેખમાં સુરત અને નર્મદા જીલ્લામાં શાળાના સંખ્યામાં થયેલા ફેરફારનું વિશ્લેષણ કરવમાં આવ્યું છે. સુરત જીલ્લામાં વર્ષ 2018 માં કુલ શાળાનું પ્રમાણ 3262 હતું જે 2025 માં વધીને 3294 થઇ છે. નર્મદા જીલ્લામાં વર્ષ 2018 માં કુલ શાળાનું પ્રમાણ 904 હતું જે 2025 માં ઘટીને 893 થવા પામી છે. આ ઘટાડાનું કારણ શાળાનું વિલીનીકરણ, શાળાનું વિસ્તરીકીરણના લીધે હોય શકે. સમગ્ર શિક્ષા અભિયાન અમલ બાદ સુરત જીલ્લામાં શાળાનું પ્રમણ વધ્યું છે, જ્યારે નર્મદામાં કુલ શાળાનું પ્રમાણ ઘટ્યું છે. જે આ વિસ્તારમાં સમગ્ર શિક્ષા અભિયાનની મર્યાદિત અસરને દર્શાવે છે.

## 5.2.વર્ષ 2018 અને 2025 માં શાળા સંચાલન મુજબ શાળાઓની સંખ્યાનું વિશ્લેષણ




Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

સુરત અને નર્મદા જિલ્લામાં 2018 થી 2025 દરમિયાન શાળાઓની સંખ્યામાં થયેલા ફેરફારનું વિશ્લેષણ કરતાં અનેક મહત્વના તથ્યો સામે આવે છે. સુરત જિલ્લાના શહેરી વિસ્તારોમાં શાળાઓની કુલ સંખ્યા 1630 થી વધીને 1863 થઈ છે, જે મુખ્યત્વે ખાનગી બિન-સહાયિત શાળાઓમાં થયેલા વધારાને આભારી છે. આ જ સમયગાળામાં સુરતના ગ્રામીણ વિસ્તારોમાં શાળાઓની સંખ્યા 1632 થી ઘટીને 1485 થઈ છે, જેમાં ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની શાળાઓ 970 થી ઘટીને 884 અને ખાનગી બિન-સહાયિત શાળાઓ 463 થી ઘટીને 387 થઈ ગઈ છે. સમગ્ર રીતે જોતા, સુરતમાં શિક્ષણનું માળખું ઝડપથી શહેરીકરણ અને ખાનગીકરણ તરફ વળ્યું છે, જ્યારે નર્મદા જિલ્લામાં આદિજાતિ કલ્યાણ અને ગ્રામીણ શિક્ષણનું મહત્વ હજુ પણ અકબંધ છે.




Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

બીજી તરફ નર્મદા જિલ્લાની સ્થિતિ સુરત કરતા તદ્દન અલગ છે, જ્યાં 2025 માં પણ ગ્રામીણ શાળાઓનું વર્ચસ્વ છે અને તેની કુલ સંખ્યા ૮૬૭ છે, જે 2018 ના ૮૭૦ ના આંકડા કરતા નજીવી ઓછી છે. નર્મદામાં આદિજાતિ કલ્યાણ વિભાગ હેઠળની ગ્રામીણ શાળાઓ ૬૧ થી વધીને ૭૦ થઈ છે, જે આ વિસ્તારમાં સરકારી પ્રયાસોની વૃદ્ધિ દર્શાવે છે. જોકે નર્મદાના શહેરી વિસ્તારમાં શાળાઓની સંખ્યા ૩૪ થી ઘટીને ૨૬ થઈ ગઈ છે, જેમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને ખાનગી શાળાઓ બંનેમાં ઘટાડો જોવા મળ્યો છે.

## 5.3 સુરત જીલ્લામાં શાળાનાં સંચાલનનાં પ્રકાર અને શાળાના મકાનના પ્રકારનું વર્ગીકરણ

| સુરત જીલ્લામાં શાળાનાં સંચાલનનાં પ્રકાર અને શાળાના મકાનના પ્રકારનું વર્ગીકરણ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સંચાલનનાં પ્રકારો | કુલ | શિક્ષણ વિભાગ | આદિજાતિ કલ્યાણ વિભાગ | સ્થાનિક સ્વરાજની સંસ્થા | સરકારી અનુદાનિત શાળાઓ | ખાનગી શાળાઓ | સામાજિક કલ્યાણ વિભાગ | કેન્દ્રિય વિદ્યાલય | નવોદય શાળા |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખાનગી સ્થળે | 2018 | 3 | 15 | 13 | 136 | 871 | 0 | 1 | 0 |
| | 2025 | 0 | 0 | 0 | 113 | 917 | 0 | 0 | 0 |
| ભાડેના મકાનમાં | 2018 | 0 | 2 | 4 | 85 | 738 | 0 | 0 | 0 |
| | 2025 | 0 | 1 | 3 | 103 | 803 | 0 | 0 | 0 |
| સરકારી મકાન | 2018 | 12 | 30 | 1298 | 3 | 2 | 1 | 1 | 0 |
| | 2025 | 20 | 31 | 1234 | 5 | 0 | 0 | 2 | 1 |
| ભાડા રહિત મકાનોમાં ચાલતી સરકારી શાળાઓ | 2018 | 7 | 10 | 4 | 6 | 3 | 0 | 1 | 0 |
| | 2025 | 4 | 21 | 11 | 0 | 0 | 1 | 1 | 0 |
| મકાન વિના ખુલા સ્થળમાં ચાલતી શાળાઓ | 2018 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| | 2025 | 6 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 0 |
| બાંધકામ હેઠળના મકાનો | 2018 | 1 | 1 | 3 | 0 | 5 | 0 | 0 | 10 |
| | 2025 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| અન્ય વિભાગના મકાનમાં ચાલતી શાળાઓ | 2018 | 0 | 2 | 3 | 0 | 0 | 0 | 0 | 0 |
| | 2025 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

ઉપરોક્ત કોષ્ટકમાં સુરત જિલ્લામાં 2018 થી 2025 ના સમયગાળા દરમિયાન શાળાઓના ભૌતિક માળખાના સ્તરમાં થયેલા ફેરફારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. કોષ્ટકનાં આધારે તારણ પ્રાપ્ત થાય છે કે શિક્ષણ વિભાગની 3 શાળોઓ તેમજ આદિજાતિ કલ્યાણ વિભાગની 15 શાળોઓ, અને સરકારી અનુદાનિત 13 શાળાઓ 2018 માં ખાનગી મકાનોમાં ચલાવામાં આવતી હતી, એનું પ્રમાણ 2025 માં ઘટીને 0 થવા પામ્યું છે. સરકારી મકાનમાં ચાલતી શાળાઓનું પ્રમાણ 2018 માં કે શિક્ષણ વિભાગની 12 શાળોઓ તેમજ આદિજાતિ કલ્યાણ વિભાગની 30 શાળોઓ અને સ્થાનિક સ્વરાજની 1298 શાળો અને સરકારી અનુદાનિત 3 શાળાઓ સરકારી મકાનમાં ચાલતી હતી જેનું પ્રમાણ 2025 માં વધીને અનુક્રમે 20,31,1234,5 જેટલો વધારો થયો છે. એની સાથે વર્ષ 2018 માં બાંધકામ હેઠળની શાળો જુદા જુદા વિભાગોમાં કુલ મળી 20 જેટલી હતી તે પણ ઘટીને 2025 માં શૂન્ય થવા પામી છે, જે સમગ્ર શિક્ષા બાદ સુરત જીલ્લામાં ભૌતિક માળખામાં થયેલી હકારાત્મક અસરનું નિર્દેશ કરે છે.

## 5.4 નર્મદા જીલ્લામાં શાળાનાં સંચાલનનાં પ્રકાર અને શાળાના મકાનના પ્રકારનું વર્ગીકરણ

| નર્મદા જીલ્લામાં શાળાનાં સંચાલનનાં પ્રકાર અને શાળાના મકાનના પ્રકારનું વર્ગીકરણ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સંચાલનનાં પ્રકારો | વર્ષ | શિક્ષણ વિભાગ | આદિજાતિ કલ્યાણ વિભાગ | સ્થાનિક સ્વરાજની સંસ્થા | સરકારી અનુદાનિત શાળાઓ | ખાનગી શાળાઓ | સામાજિક કલ્યાણ વિભાગ | કેન્દ્રિય વિદ્યાલય | નવોદયશાળા |
| ખાનગી સ્થળે | 2018 | 1 | 7 | 56 | 4 | 4 | 0 | 0 | 0 |
| | 2024 | 0 | 0 | 0 | 25 | 32 | 0 | 0 | 0 |
| ભાડેના મકાનમાં | 2018 | 2 | 5 | 41 | 2 | 2 | 0 | 0 | 0 |
| | 2024 | 0 | 7 | 0 | 23 | 23 | 0 | 0 | 0 |
| સરકારી મકાન | 2018 | 31 | 48 | 581 | 44 | 53 | 1 | 1 | 0 |
| | 2024 | 22 | 51 | 672 | 1 | 0 | 1 | 0 | 0 |
| ભાડા રહિત મકાનોમાં ચાલતી સરકારી શાળાઓ | 2018 | 2 | 2 | 13 | 1 | 1 | 0 | 0 | 0 |
| | 2024 | 10 | 5 | 4 | 0 | 0 | 0 | 0 | 1 |
| મકાન વિના ખુલા સ્થળમાં ચાલતી શાળાઓ | 2018 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | 2024 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| બાંધકામ હેઠળના મકાનો | 2018 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| | 2024 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| અન્ય વિભાગના મકાનમાં ચાલતી શાળાઓ | 2018 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | 2024 | 5 | 7 | 3 | 0 | 0 | 0 | 0 | 0 |

Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

ઉપરોક્ત કોષ્ટકમાં નર્મદા જિલ્લામાં 2018 થી 2025 ના સમયગાળા દરમિયાન શાળાઓના ભૌતિક માળખાના સ્તરમાં થયેલુ પરિવર્તન દર્શાવવામાં આવ્યું છે. કોષ્ટકનાં આધારે તારણ પ્રાપ્ત થાય છે કે શિક્ષણ વિભાગની 1 શાળા તેમજ આદિજાતિ કલ્યાણ વિભાગની 7 શાળોઓ અને તેમજ સ્થાનિક સ્વરાજની 56 જેટલી શાળાઓ અને સરકારી અનુદાનિત 4 શાળાઓ 2018 માં ખાનગી મકાનોમાં ચલાવવામાં આવતી હતી. એનું પ્રમાણ 2025 માં ઘટીને અનુક્રમે 0 થવા પામ્યું છે. માત્ર સરકારી અનુદાનિત શાળાઓ 2018માં 4 હતી એનું પ્રમાણ વધીને 24 થયું છે, જે નર્મદા જીલ્લા માટે ચિંતાનો વિષય છે. સરકારી મકાનમાં ચાલતી શાળાઓનું પ્રમાણ પણ વધ્યું છે. 2018 માં કે શિક્ષણ વિભાગની 31 શાળાઓ તેમજ આદિજાતિ કલ્યાણ

વિભાગની 48 શાળાઓ અને સ્થાનિક સ્વરાજની 581 શાળાઓ અને સરકારી અનુદાનિત 44 શાળાઓ સરકારી મકાનમાં ચાલતી હતી જેનું પ્રમાણ 2025 માં વધીને અનુક્રમે 22,51, અને 672 જેટલી થઇ છે. એની સાથે બાંધકામ હેઠળની શાળાઓ જુદા જુદા વિભાગોમાં કુલ મળી 1 જે ટલી હતી તે પણ ઘટીને શૂન્ય થવા પાણી છે, જે સમગ્ર શિક્ષા બાદ સુરત જીલ્લામાં ભૌતિક માળખામાં થયેલી હકારાત્મક અસરનું નીર્દેશ કરે છે.

### 5.5 વર્ષ 2018 થી 2025 દરમિયાન સુરત જીલ્લામાં શાળા ફરતેની દીવાલોની સ્થિતમાં થયેલો ફેરફાર




Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

### 5.6 વર્ષ 2018 થી 2025 દરમિયાન નર્મદા જીલ્લા શાળા ફરતેની દીવાલો સ્થિતમાં થયેલું પરિવર્તન



Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

નર્મદા જિલ્લાની શાળાઓમાં ભૌતિક સુરક્ષાની સ્થિતિનું અવલોકન કરતા જોવા મળે છે કે 'પાકી દીવાલ ધરાવતી શાળાઓની સંખ્યામાં ઘટાડો થયો છે, જે 2018 માં 614 હતી તે 2025 માં ઘટીને 568 થઈ છે. તેની સામે પાકી પરંતુ તૂટેલી દીવાલ ધરાવતી શાળાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, જે 66 થી વધીને 93 થઈ છે. આ આંકડાકીય ફેરફાર સૂચવે છે કે નર્મદા જિલ્લામાં અસ્તિત્વ ધરાવતી દીવાલોના રક્ષણ અને સમયસર સમારકામની જરૂરિયાત છે. વધુમાં, દીવાલ વગરની શાળાઓની સંખ્યા 90 થી વધીને 94 થઈ છે અને આંશિક દીવાલ ધરાવતી શાળાઓ 75 થી વધીને 79 થઈ છે.

સમગ્ર રીતે જોતા, નર્મદા જિલ્લામાં શાળાઓની ભૌતિક સુરક્ષા વધારવા માટે નવા બાંધકામો ઝડપથી પૂર્ણ કરવા અને જે દીવાલો તૂટેલી હાલતમાં છે તેના માટે સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત સમારકામ ગ્રાન્ટનો સચોટ ઉપયોગ કરવો આવશ્યક જણાય છે.

## 5.7 વર્ષ 2018 થી 2025 દરમિયાન સુરત અને નર્મદા જીલ્લાની શાળાઓમાં સારી સ્થિતિમાં રહેલા વર્ગખંડોની સરેરાશ




Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

ઉપરોક્ત આલેખમાં વર્ષ 2018 અને 2025 દરમિયાન સુરત અને નર્મદા સારી સ્થિત ધરવતા વર્ગની સરેરાશ દર્શાવામાં આવી છે. 2018 થી 2025 નાં સમયગાળા દરમિયાન નર્મદા જીલ્લાના સંદર્ભમાં સારા વર્ગખંડની સંખ્યા 2018 માં પણ 3 હતી અને 2025 માં પણ 3 જ છે. જે સરેરાશમાં સુધારો થયો નથી તે દર્શાવે છે નર્મદા જીલ્લામાં વર્ગખંડને સમારકામ અને નવા વર્ગખંડની બાંધકામની જરૂરીયાત છે, જ્યારે સુરત જીલ્લામાં સારા વર્ગખંડની સરેરાશ 2018 માં 8 હતી તે વધીને 9 થઇ છે જે સુધારો દર્શાવે છે.

## 5.7 વર્ષ 2018 અને 2024 દરમિયાન સુરત અને નર્મદા જિલ્લામાં છોકરાઓ અને છોકરીઓના શૌચાલય સુવિધાઓની સ્થિતિ




Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

આપેલા આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સમગ્ર શિક્ષા અભિયાનના અમલ બાદ સુરત અને નર્મદા જિલ્લાઓમાં શાળાઓમાં ઉપલબ્ધ શૌચાલય સુવિધાઓમાં જિલ્લાવાર અસમાન વિકાસ નોંધાયો છે.

સુરત જિલ્લામાં વર્ષ 2018 દરમિયાન છોકરાઓ માટે શૌચાલયોની સરેરાશ સંખ્યા 2 હતી, જે 2024 માં વધીને 3 થઈ છે. એ જ રીતે, છોકરીઓ માટેની શૌચાલયોની સરેરાશ સંખ્યા પણ 2 થી વધીને 3 થઈ છે. આ સાથે, છોકરાઓ માટેના યુરિનલની સરેરાશ સંખ્યા 1 થી વધીને 3 થઈ છે અને છોકરીઓ માટેના યુરિનલની સરેરાશ સંખ્યા પણ 1 થી વધીને 3 થઈ છે. આથી સ્પષ્ટ થાય છે કે સુરત જિલ્લામાં સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત માળખાંમાં નોંધપાત્ર સુધારો થયો છે, સમગ્ર શિક્ષા અભિયાનની અસરકારક અમલવારી દર્શાવે છે.

તેની સામે, નર્મદા જિલ્લામાં વર્ષ 2018 અને 2024 બંને સમયમાં છોકરાઓ તથા છોકરીઓ માટે શૌચાલયોની સરેરાશ સંખ્યા 1 પર જ સ્થિર રહી છે, જે સૂચવે છે કે આ સમયગાળામાં નર્મદા જિલ્લામાં શૌચાલયોની સંખ્યામાં કોઈ નોંધપાત્ર વધારો થયો નથી. જોકે, યુરિનલ સુવિધાઓમાં થોડી સુધારાની ઝાંખી મળે છે, જ્યાં છોકરાઓ અને છોકરીઓ માટેના યુરિનલની મધ્યસ્થ સંખ્યા 1 થી વધીને 2 થઈ છે, તેમ છતાં આ વધારો સુરત જિલ્લામાં થયેલા વિકાસની તુલનામાં મર્યાદિત છે.

## 5.8 વર્ષ 2018 અને 2024 દરમિયાન સુરત અને નર્મદા જીલ્લાની શાળાઓમાં સ્વચ્છતા અને હાથ ધોવાની સુવિધાઓની સ્થિતિ.




Compiled by the researcher based on District Reports (2018 & 2025) from https://microdata.udiseplus.gov.in/ (UDISE+).

સુરત અને નર્મદા બંને જિલ્લાઓમાં છેલ્લા છ વર્ષમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત હાથ ધોવાની સુવિધામાં સારો સુધારો જોવા મળ્યો છે. નર્મદા જિલ્લામાં સૌચાલયની નજીક સાબુ સાથે હાથ ધોવાની સુવિધા ધરાવતી શાળાઓની સંખ્યા જે 2018 માં 615 હતી, તે 2025 માં વધીને 799 થઈ છે, જ્યારે આ સુવિધાનો અભાવ ધરાવતી શાળાઓની સંખ્યામાં 289 થી ઘટીને માત્ર 94 સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે. તેવી જ રીતે, સુરત જિલ્લામાં પણ આ સુવિધાનો વ્યાપ નોંધપાત્ર રીતે વધ્યો છે; જ્યાં 2018 માં 2639 શાળાઓમાં હાથ ધોવાની સુવિધા ઉપલબ્ધ હતી, તે 2025 માં વધીને 3085 થઈ ગઈ છે. સુરતમાં સુવિધા ન ધરાવતી શાળાઓની સંખ્યા પણ 623 થી ઘટીને માત્ર 209 રહી ગઈ છે. આ આંકડાકીય માહિતી પુરવાર કરે છે કે આદિવાસી પ્રભુત્વ ધરાવતા નર્મદા જિલ્લા અને શહેરી પ્રભુત્વ ધરાવતા સુરત જિલ્લા એમ બંનેમાં સમગ્ર શિક્ષા અભિયાનનાં ભાગરૂપે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને વ્યક્તિગત સ્વચ્છતા માટેના પાયાના માળખામાં સકારાત્મક વૃદ્ધિ થઈ છે.

## 6. અભ્યાસના મુખ્ય તારણો

1. સુરત જીલ્લામાં શિક્ષણનું માળખું ઝડપથી શહેરીકરણ અને ખાનગીકરણ તરફ વળ્યું છે. ખાનગી બિન-સહાયિત શાળાઓના વધારાને કારણે કુલ શાળાઓની સંખ્યા વધી છે. જયારે નર્મદા જીલ્લામાં પણ ગ્રામીણ શિક્ષણનું વર્ચસ્વ અકબંધ છે. શાળાઓના વિલીનીકરણને કારણે સંખ્યામાં નજીવો ઘટાડો થયો છે, પરંતુ આદિજાતિ કલ્યાણ વિભાગ હેઠળની સરકારી શાળાઓનો વ્યાપ વધ્યો

2. સુરત અને નર્મદા બંને જિલ્લામાં શાળાના મકાનોના હકારાત્મક અસર થઇ છે, શાળાઓ હવે ભાડાના કે ખાનગી મકાનોને બદલે પોતાના સરકારી મકાનોમાં સ્થળાંતરિત થઈ છે, પરંતુ નર્મદા જીલ્લામાં સરકારી મકાનમાં ચાલતી શાળાઓનું પ્રમાણ પણ વધ્યું છે. 2018 માં કે શિક્ષણ વિભાગની 31 શાળાઓ તેમજ આદિજાતિ કલ્યાણ વિભાગની 48 શાળાઓ અને સ્થાનિક સ્વરાજની 581 શાળાઓ અને સરકારી અનુદાનિત 44 શાળાઓ સરકારી મકાનમાં ચાલતી હતી જેનું પ્રમાણ 2025 માં વધીને અનુક્રમે 22,51, અને 672, જેટલી થઇ છે, જે નર્મદા જીલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાનના અસરકારક અમલની જરૂરરિયાત સૂચવે છે.
3. વર્ગખંડોની ગુણવત્તા સંદર્ભમાં વર્ષ 2018 થી 2025 ના સમયગાળા દરમિયાન સુરતમાં સારી સ્થિતિ ધરાવતા વર્ગખંડોની સરેરાશમાં સુધારો (8 થી 9) થયો છે, જ્યારે નર્મદામાં આ સ્થિતિ (સરેરાશ 3) પર સ્થિર રહી છે, જે ત્યાં વધુ રોકાણ અને અસરકારક અમલની જરૂરરિયાત સૂચવે છે.
4. સુરક્ષા અને જાળવણી તફાવત બાબતમાં સુરત અને નર્મદાની તુલના કરીએ તો સુરત આગળ છે, જ્યાં શાળા ફરતેની પાકી દીવાલો 2018ની સરખામણીમાં 2025 માં વધી છે. જયારે તેની સરખામણીએ નર્મદામાં 2018 ની સરખામણી પકી દીવાલો ઘટી છે અને તૂટેલી દીવાલોનું પ્રમાણ વધ્યું છે. આ દર્શાવે છે કે નર્મદામાં નવા બાંધકામ કરતા હયાત માળખાના સમારકામની વધુ જરૂર છે.
5. શૌચાલય અને યુરિનલની સુવિધાના સંદર્ભમાં સુરત જિલ્લામાં આ સુવિધાઓમાં નોંધપાત્ર અને ઝડપી વધારો થયો છે 2018ના સરખામણીમાં 2025 માં સરેરાશ 2 થી વધીને 3 થયો છે. નર્મદામાં શૌચાલયોની સંખ્યા મર્યાદિત રહી છે, જોકે યુરિનલ સુવિધામાં આંશિક સુધારો જોવા મળ્યો છે.
6. સાબુ સાથે હાથ ધોવાની સુવિધાનાં સંદર્ભમાં બંને જિલ્લાઓમાં 2018 ની સરખામણીમાં 2025 માં પ્રગતિ થઇ છે. ખાસ કરીને નર્મદામાં સુવિધાનો અભાવ ધરાવતી શાળાઓની સંખ્યામાં આવેલો મોટો ઘટાડો સમગ્ર શિક્ષા અભિયાનની અસરકારતા દર્શાવે છે

## 7.અભ્યાસના મુખ્ય સૂચનો

1. શાળાની લાગતી ભૌતિક જેમ કે શાળા વર્ગખંડોની ગુણવત્તા, ફરતેની બાઉન્ડ્રી દીવાલ, શૌચાલ અને યુરિનલની સુવિધામાં સુરત અને નર્મદા જીલ્લામાં તફાવત રહેલો છે. 2018 ની

સરખામણીમાં 2025માં થયેલો નર્મદા જીલ્લામાં થયેલો સુધારો ખુબ ઓછો છે, તેથી સમગ્ર શિક્ષા અંતર્ગત નર્મદા જીલ્લામાં શાળાની લાગતી ભૌતિક જેમ કે શાળા વર્ગખંડોની ગુણવત્તા, ફરતેની બાઉન્ડ્રી દીવાલ, શૌચાલય અને યુરિનલની સુવિધામાંમાં વધારા કરવા માટેના જરૂરી પગલા લેવાની જરૂરિયાત રેહેલી છે.

## 8. સંદર્ભસૂચી


- Mehta, A. (2024). An Analysis Of The Role Of Samagra Shiksha Abhiyan In Elementary Education: A Case Study Of Jharkhand. *Vinoba Bhave Journal of Economics, 10*(1).
- Parsaniya, D. R. (2025). Infrastructure Facilities in Educational Institutions in Gujarat State. *Shikshan Sanshodhan: Journal of Arts, Humanities and Social Sciences, 8*(4), 101–104. https://doi.org/10.2018/SS/202504016
- Sharma, P. C., & Dhaked, P. (2023). Exploring The Implementation Of Samagra Shiksha Abhiyan In Schools Of Dungarpur District: A Comprehensive Study. *Internationa lJournall for Innovative Engineering and Management Research*, *12*(12), 757.
- Ministry of Education. (2018). *UDISE+ Unit Level Micro Data for Narmada Districts 2018-19*. Department of School Education and Literacy, Government of India. https://microdata.udiseplus.gov.in/
- Ministry of Education. (2018). *UDISE+ Unit Level Micro Data for Surat Districts 2018-19*. Department of School Education and Literacy, Government of India. https://microdata.udiseplus.gov.in/
- Ministry of Education. (2025). *UDISE+ Unit Level Micro Data for Narmada Districts 2024-25*. Department of School Education and Literacy, Government of India. https://microdata.udiseplus.gov.in/
- Ministry of Education. (2025). *UDISE+ Unit Level Micro Data for Surat Districts 2024-25*. Department of School Education and Literacy, Government of India. https://microdata.udiseplus.gov.in/
- Ministry of Education. (2026). Samagra Shiksha: An Integrated Scheme for School Education. Department of School Education and Literacy, Government of India. Retrieved from https://samagra.education.gov.in/about.html